એક નવા સ્વરૂપે આનંદ સાથે આપની સમક્ષ...

Kavygoshthi

E-magazine

~ પદ્ય સાહિત્ય તરફની રાહ...

જુલાઈ -ઓગસ્ટ
૨૦૧૭

-: સંપાદક :-

સુલતાન સિંહ

Kavygoshthi Group

-: ફાસ્ટટ્રેક ઇન્ટરવ્યૂ ઓફ ધ મંથ :-



દીનું બામાણિયા

કાવ્યગોષ્ઠી

~ પદ્ય સાહિત્ય તરફની રાહ ~

/ વર્ષ - ૨ / અંક – ૭/૮ / સળંગ અંક - ૧૧/૧૨ /
/ જુલાઈ/ઓગસ્ટ - ૨૦૧૭ /

~ સંપાદક ~

સુલતાન સિંહ

કાવ્યગોષ્ઠી ટીમ

મેહસાણા - ૩૮૪૦૦૨
મોબાઈલ - ૯૯૦૪૧૮૫૦૦૭
kavygoshthi@gmail.com
http://kavygoshthiblog.wordpress.com/

વાચક વર્ગને પ્રણામ....

આપણું ગુજરાત તેમજ આપણું ગુજરાતી સાહિત્ય સાચા અર્થમાં સજીવન રહે તેમજ અવિરત પણે માતૃભાષાનું જુનુન દિલમાં ધબકતું રહે એ માટે કાવ્ય વિશ્વમાં એક નવીન પ્રયાસ રૂપે શરૂ થયેલ વોટ્સએપ ગ્રુપ અને પછી એમાં મળેલા સાથ અને સહકાર દ્વારા સર્જાયેલું આ સામાયિક સમોપૂર્ણ પણે વાંચક અને કવિ મિત્રો એમ બંને પક્ષોને સમર્પિત છે. વિસ્તૃત માહિતી મેળવવા માટે નીચે મુજબ સંપર્ક કરી શકો છો.

Contacts :-

kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com

dmin :-

http://vichaarvrund.wordpress.com

-: લાગણીનો તાર :-

નવોદિત કવિઓ તેમ જ સહકાર આપનાર વડીલો, મિત્રો અને ભાવકોનાં અમે હરહંમેશ ઋણી છીએ. સહિત્યમાં નવુ સર્જન કરવું એ એક તપ કરવા બરાબર છે. અને આ તપનું ફળ અમારા ગ્રુપને અત્યાર સુધી મળ્યું છે તો એનું રૂણ ઉતારવું કેમ શક્ય બને, એ માટે અમારી ટીમ સદા આવા ઉતમ સર્જકોની આભારી રહેશે.

~~ કાવ્ય ગોષ્ઠિ ટીમ ~~

અનુક્રમણીકા

અંકના કવિઓ

- સુલતાન સિંહ 'જીવન'
- મનુ વી. ઠાકોર
- પ્રીતિ ભટ્ટ 'પ્રીત'
- અલ્પા વસા
- કિરણ પીયુષ શાહ
- કુલદીપ સિંહ ગોહિલ
- મનીષા જોબન દેસાઈ
- અપૂર્વ આઈ પંડ્યા
- કૃષ્ણ વાળા
- કાર્તિકપૂરી ગોસાઈ
- સંગી અખિલ 'અખો'
- શ્વેતા મનીષ મહેતા
- જગદીશ કરંગીયા

વિશેષ :-

- સંપાદકની કલમે
- શબ્દ સર્જન (સુત્રધાર – ઉર્વીશ સવાની)
- તોફાની વિચાર – ભાવિન દેસાઈ 'અકલ્પિત'
- તટસ્થ વિચાર – સુલતાન સિંહ
- કૃષ્ણ વિશેષ – ભગવતી પંચમતીયા
- અંધશ્રદ્ધા વિશેષ – કલ્પેશ ચૌહાણ
- કૃષ્ણ સાથે કીટલી પર – સુલતાન સિંહ
- વીનું બામણીયા – ફાસ્ટટ્રેક ઇન્ટરવ્યું
- કવિ પરિચય – અમૃત ભટ્ટ 'ઘાયલ'



સંપાદકની કલમે...

દરેક વખતની જેમ કાવ્યગોષ્ઠી સામયિકને મળતા આપ સૌના સાથ અને આશીર્વાદ બદલ આભાર.

દરેક વખતે ઘણું કહેવાનો અને સાંભળવાનો વિચાર હોય છે. દરેક વખતે ઓછા છતાં સારા પ્રતીભાવો મળે છે. ઘણા વિચારો અનુસરવા મુશ્કેલ હોય છે અને ઘણા વિચારો આવકારવા જેવા હોવા છતાં એનો ખુબજ ધીમો પ્રભાવ પાડવા માત્ર કોશિશ કરી શકાય છે. દરેક વિચારોને આવકારવા છતાં બહુ ઓછા વિચારો પર કાર્ય કરી શકાય છે. દરેક વખત કરતા આ વખતે એક બદલાવ સાથે અમો આખું સામયિક લઈને આપની સમક્ષ આવ્યા છીએ.

એના આવકાર અને સ્વીકાર બંનેની આશા સહ...

નોંધ - કાવ્યગોષ્ઠી પરિવાર સાથે જોડાવા અથવા પ્રતિભાવ આપવા આપ અમને ગમે ત્યારે જણાવી શકો છો.

સુલતાન સિંહ 'જીવન'
(તંત્રી, સંપાદક)

મો - **9904185007 (wa),**
સંદેશ - **kavygoshthi@gmail.com,**
બ્લોગ - **http://kavygoshthi.wordpress.com/**

વહેતી વાતો થઈ છે વરસાદમાં,
તું આવે છે ફરી ફરી યાદમાં.

વરસે જોને ભીની લાગણીની છાંટ,
તું ગુંજે છે ઝરમરતાં નાદમાં.

ઠંડા વાયરાની સંગાથે સંદેશો મોકલું,
તને બોલાવું છું હર એક સાદમાં.

પ્રેમની આ છાલક લઈને તું આવ,
જ્યારે હોઉં હું કોઈ અવસાદમાં.

આકાશી વાદળો ઓઢીને આપણે,
છે ભીંજાવું લથબથ વરસાદમાં.

વહેતી વાતો થઈ છે વરસાદમાં,
તું આવે છે ફરી ફરી યાદમાં.

-મનન (મનુ.વી.ઠાકોર)



પુનમ સુદે
અજવાળે રે,
રક્ષાકવચ સમી;
એક અનેરી,
રક્ષાબંધન.

કકું તિલક
આરતી સંગે
ભાવ સ્નેહનું હેત;
રેશમ તારે,
રક્ષાબંધન.

આજ માંગુ
ભાઈના સુખ;
વીરપસલી રૂપી,
દેજે આશિષ
રક્ષાબંધન.

રહેશું સાથ,
જન્મોજનમ
અતૂટ પ્રેમ કાજે;
ભાઈ-બેનની
રક્ષાબંધન.

છે તકરાર
ને વહેવાર
છલકાય દરિયો
નોખા સંબંધે
રક્ષાબંધન.

પ્રિતી ભટ્ટ...'પ્રીત'(નવસારી

ગણેશજી મુજ વાલહા... રે....
કૃપા કરો નિજ દાસ,
હો.... સંભારો નિજ દાસ.......
ગણેશજી .... ૧.

પ્રથમ પહેલાં સાંભરે ... રે......
સ્મરણ કરું કર જોડ,
હો.... સફળ થાયે નિજ કાજ.....
ગણેશજી .... ૨.

આપ છો દુ:ખ હર્તા .... રે......
મુખ દીઠે સુખ હોય,
હો.... મનમંદિરમાં આવી વસો ......
ગણેશજી .... ૩.

ઊમા - પાર્વતી નંદ.... રે......
રિધ્ધી સિધ્ધી ના કંથ,
હો.... અરજ સુણો મુજ નાથ........
ગણેશજી.......... ૪.

દૂર્વા, જાસુદ, મોદક... રે......
આવો મુષક અસવાર,
હો..... જગત નો આધાર.......
ગણેશજી........... ૫.

હું તો, લળી લળી લાગુ પાય ... રે....
સાથે લઈને શુભ- લાભ,
હો... દર્શન દ્યો ને દયાળા......
ગણેશજી............ ૬.

~ અલ્પા વસા

સાર આ વાતો કરી સમજાય શું?
ને કથા વાંચી હવે બોલાય શું.

સાથ તારો ચાહું જીવનભર હવે,
તો ભરોસો એમ વ્હાલા થાય શું?

રોશનીના રંગ ઝાખા થઈ ગયાં,
જિંદગીનો અંત આજે હાય શું ?

આંગળી ઝાલી તને આગળ કરી,
બોલ બીજુ કોઈ ત્યાં રોકાય શું?

કેમ કાજલ ભૂલવું સગપણ તારું ,
પાત્ર તારું રોજ ભજવી જાય શું ?

કાજલ
કિરણ પિયુષ શાહ



એક સાંજ

સાંજ વીતી આકરી
તારા વગર ...
વરસતો વરસાદ ,
ખાલી મનની કોતરો
પર ખળખળ વહી
રડતો રહ્યો ..
કોઈ હ્રદય નીચવી
આભથી વરસતું રહ્યું ,
વૃક્ષો લહેરાતા આનંદથી નાચતા રહયા
એક હોડી કાગળની
આમતેમ ફંગોળાતી
આખરે એક દીવાલે
ઊંડા શ્વાસ લેતી
ઉભી રહી ,
પાંખ ફફડાવતો એક મોર
જરાક જ ઉડ્યો,
ને ફરી ...
સંતાઈ ગયો એક પિંજરામાં .....
સદીઓના વિરહથી
પીડાતો આ સમય,
વહેતો રહે છે
બસ ....
વહેતો જ રહે છે .

-મનીષા જોબન દેસાઈ

ધરુ પ્રથમ ધ્યાન તમારુ,કરજોડી ગુણેશા.
વેલા આવો વિધ્ન ટાળવા,હરો સહુ કલેશા.

લંબોદર હવે લાજ રાખવા,મુષક લઇને આવો.
ધરાવુ મોદક મીઠડા તમને,પેટ ભરીને ખાવો.

ગજશીશ કહેવાઓ ગુણેશા,પ્રથમ પુજા થાય.
એકચીતે આરાધવા થી,દુખડા દુર થઇ જાય.

ઉમા સુત અરજ સુણજો,એક દંત દયા વાળા.
કુળદિપ મેતો કરગ્રહી,નામ તણી તમ માળા.

કુલદિપસિંહ ગોહિલ રામણકા

નથી જળ, નથી વાદળ, પણ હતી અનરાધાર વૃષ્ટિ.
મેં ઘૂંટડે - ઘૂંટડે માણી હતી એ અવિરત મસ્તિ.

મેં પ્રણયના જામ પીધાં, ને અપાર પીધાં,
મદિરા નશાથીય વધારે હતી એમાં તૃપ્તિ.

ઉલેચી મનના સાગરને, અમાપ માણી,
અદ્ભૂત ને અલૌકિક એની અનંત સૃષ્ટિ.

વૃષ્ટિ એ થઈ ગઈ અચાનક અનાવૃષ્ટિ,
ને, સંકોરી લીધી મેં, મુજ હસ્તિ.

હવામાનની જેમ બદલાઈ ગઈ દ્રષ્ટિ,
પ્રેમ- લાગણી થઈ ગયા, વાસી પસ્તિ.

~ અલ્પા વસા

जल है तो कल है ।
बात है पुरानी..बात है सयानी
जल बचाओ पर तुम बताओ
अभी भी कहां सफल है ?!?
यारां ..जल है तो ही कल है ।

हो उठे आनन्दित है,
घने काले मंडराते बादल है ।
सूखी नदिया; खाली कुए
जन-जिवन पूरा खुशहाल है ।

है पावन पतित है,
हर बुंद में गंगाका सलिल है ।
जिवन देन है उसकी
जहा ना कोई वह ग्रह मंगल है ।

लग रही सुशोभित है,
धरा जब हरित-पटल है ।
तुम बचाओ - हम बचाये
सिर्फ बाते बेतुका छल है ।

जितनी जरुरत है,
धन समान मानो बात सरल है ।
अच्छा लगे वही,
जो पानी देता हुआ नल है ।

पौधे लगाओ जल बचाओ
ना कोई दुजा हल है ॥
देख ना पाओगे फिर
कहते किसे दलदल है ?!?
जल बिना ना कल है ।
ऐक बात ये अटल है ॥
जल है तो ही कल है ।

- અપૂર્વ આઈ. પંડ્યા



क्या लीख्खु मे तुजे
तू कागज मे ना समायेगी ।
चाहे रिश्ते यहां अनेक
बस तू ही " मां " कहलायेगी ।।

कीतना प्यार करती मुजे
ना कभी तू बतलायेगी ।
हो चाहे गलती कितनी मेरी
तू फिर भी मुजे सहलायेगी ।।

पेट भर के मेरा तू
खूद भुखी सो जायेगी ।
ख्वाबो को तोड के अपने
तू मेरे ख्वाब सजायेगी ।।

हुं जानता हर मुश्किल घडी मे
सिर्फ तू ही साथ निभायेगी ।
खो जाऊं उलजी गलीयो मे कभी
ढुंढती मुजे तू नजर आयेगी ।।

~ कृष्ण वाला

કલમ લવ હાથમાં
ને તારુ નામ લખાય જાય છે
શાયરી ને ગઝલ માં
મારુ કામ ભૂલાઈ જાય છે
આપણી મુલાકાત ને
હૂ વાગોળીયા જ કરુ છું
આંખ બંધ કરુ ને
તારો ચહેરો દેખાય જાય છે
જોવુ તારુ સ્મિત ને
મારુ આંસુ છુપાઈ જાય છે
ઘડી ની મુલાકાત માં
મારુ પાસું ભમાય જાય છે
બદલતી મૌસમ એ
દુઃખ બહુ આપ્યા
ભાદરવો યાદ આવે ને
મારુ ચોમાસુ સુકાઈ જાય છે
ઢળતી સાંજ જોવુ ને
તારુ ગીત ગવાય જાય છે
સાંભળી તારો સાદ ને
મારુ સ્મિત ઉભરાઈ જાય છે
એકલી પડી ને
તુ ભેટી પડે મને
અને ત્યારે જ મારા મૌત નો
વિચાર બદલાઈ જાય છે...

ગોસાઈ કાર્તિક પુરી

પ્રીતના પારખા કેમ કરો છો તમે. ?
એનો ખુલ્લાસો મને આજને આજ આપો.
દુર રહીને બોવ તડપાવો છોને,
ન કહેવાનું કહો છો તમે.
એનો ખુલ્લાસો મને આજને આજ આપો.

અણ સમજુ હું તો નારને,
ન જાણું આ નવા યુગની વાતુ,
નવા-નવા યુગલ કરે છે ઉજાણી,
એવી નથી મને ઉજાણી કરતાં આવડતું.
એનો ખુલ્લાસો મને આજને આજ આપો.

પ્રીતના પારખા કેમ કરો છો તમે.?
એનો ખુલ્લાસો મને આજને આજ આપો.

વર્ષો વિત્યા છે સાથે રહીને,
તોય ના ઓળખાણ પડી મારી તમને,
"મહિમા" ગાયને મરવા પડી છું,
તને એની જાણ કેમ નથી થાતી.?
એનો ખુલ્લાસો મને આજને આજ આપો.

પ્રીતના પારખા કેમ કરો છો તમે.?
એનો ખુલ્લાસો મને આજને આજ આપો.

- સંગીઅખિલ "અખો





તારી યાદો જે આવીને આજે રડી છે,
બસ ક્યાંક જૂની આ તસ્વીર જડી છે,

કોણ જાણે એકલી અટુલી યાદોમાં,
કેટ કેટલીક વેદનાઓ આજે નડી છે,

જે પળોમાં ભૂલવાની કોશિશો કરી,
બસ તારા ગયા પછીની હરઘડી છે,

સમજે છે તું તારી વેદનાઓનું દુઃખ,
પણ હજુ સુધી પોતાની જ પડી છે,

કોઈક કહે છે, ચિંતાઓની વાત છે,
સમજે કોણ લાગણીઓ જ સડી છે,

કોઈ જ ઘાવ નથી શરીરે કટારના,
છતાં પણ લોહીની ધાર ગગડી છે,

~ સુલતાન સિંહ 'જીવન'

જીવન એક કહાની છે.
આ કલ્પના નહી એને તો સાચે જ જિવવા ની છે

આવશે વળાકો ધણા આમા.
પણ સમજણ થી આગળ ધપાવવા ની છે.

લાગસે ધણી ઠોકરો આમા
પણ એતો પ્રેરણા ની નીશાની છે

આવશે કયારેક હતાશા ની પળો
પણ એના થી સીખ મેળવવા ની છે.

આમ હારી ને બેસી ન જઈશ
આગળ વધી ને તારે દુનીયા પર
છાપ છોડવા ની છે

ધણા કાર્યો પાર પાડવા ઈશે
મોકલ્યો તને ધરતી પર

એ પ્રભુ ની પરીક્ષા ઓ
તારે પાસ કરવાની છે

શ્વેતા મનિષ મહેતા
મનસ્મિત



સદાય અમીદ્રષ્ટિથી જોવાયા છો તમે,
બંધ બારણે રાતભર રોવાયા છો તમે;
ભુલા પડ્યાં હોત તો શોધી કાઢત તમને,
લાગે છે કે જાણી જોઈને ખોવાયા છો તમે.

~ જગદીશ કરંગીયા 'સમય'

દાંત જ જીભને બટકા ભર્યા કરે ત્યાં કોને ફરિયાદ કરવી?
કાંટા જ ગુલાબને ડંખ્યા કરે ત્યાં કોને ફરિયાદ કરવી?
'જગદીશ' બાંધી હતી અમે વાડ ખુદ અમારા આ હાથેથી,
એ વાડ જ ચીભડાં ગળ્યા કરે ત્યાં કોને ફરિયાદ કરવી?

~ જગદીશ કરંગીયા 'સમય'

હું જ ડાળી, હું જ પર્ણ છું,
હું જ ધર્મ, હું જ વર્ણ છું;
આ જીવન-જગતની જંગમાં,
હું જ અર્જુન, હું જ કર્ણ છું.

~ જગદીશ કરંગીયા 'સમય'

શબ્દોથી સધ્ધર ને લાગણીથી કડકો થઈ ગયો,
હતો હું ય ઝાંકળ ને હવે ધોમ તડકો થઈ ગયો;
બુઝાવીને જ બેઠો હતો હજુ હૃદયની આગને,
ત્યાં તમે હળવેથી ફૂંક મારી ને ભડકો થઈ ગયો.

~ જગદીશ કરંગીયા 'સમય'

પ્રેમ કરીને જુઓ, પ્રેમના તારણ પૂછો નહીં,
આંસુ સારીને જુઓ, આંસુના ભારણ પૂછો નહીં;
'જગદીશ' તમે મન મુકીને માણો ગઝલોને કિન્તુ,
કોઈ કવિને ગઝલો લખવાના કારણ પૂછો નહીં.

~ જગદીશ કરંગીયા 'સમય'

કૃષ્ણ સાથે કીટલી પર...

(ધર્મ શુ છે...?)



~ સુલતાન સિંહ



સરસરાહટ કરતી હવાના ઝાપટા સાથે મારુ ધ્યાન સામેના રસ્તા પર પડ્યું. મારી પાસે મોબાઈલ હતો અને હાથમાં ૪૦૦ પનાનું હિન્દી પોકેટ સાઈઝ પુસ્તક. બુકનું નામ આમ તો જરૂરી નથી પણ કદાચ વિષયને સંગત હોય એમ વિચારી લખી રહ્યો છું. એ પુસ્તક અમીશ ત્રિપાઠીના 'ધી ઇમોર્ટલ્સ ઓફ મેલુહા'નું હિન્દી વર્ઝન હતું. એમાં લખ્યું હતું કે શિવના કહ્યા પ્રમાણે વિકર્મી નારીઓ વાળી વાતમાં એને એ જ નથી સમજાતું કે એમના બાળકો મરી જવાથી કે એમના જીવનમાં અમુક પ્રકારના બનાવોના બનવાથી એને પાપી કઈ રીતે સમજી લેવાય. અમુક સમસ્યાઓના કારણે પણ આવા પ્રસંગ ઉભા થાય ને...? શિવના મેલુહાના ધર્મ અને સમાજ વ્યવસ્થા સામેના પ્રશ્નના કારણે નંદી કઇ બોલી શક્યો નહીં. છેવટે નંદિની ઉદાસીનતા જોઈને શીવ બોલ્યો કે તમારા વિશ્વાસ પર મને વિશ્વાસ છે અને તમારા ધર્મ અને સમાજવ્યવસ્થા પાછળ જરૂર કોઈક અધાર હશે એવુ હુ માનું છું. મેં આટલું વાંચ્યા પછી પુસ્તક બંધ કર્યું.

જો કે પુસ્તકમાં સમય સાથે બદલાતા સામાજિક મળખાઓ પ્રમાણે આવેલા ધાર્મિક પ્રકારના બદલાવોની પણ વાત છે. જે મારા ધર્મ અને સમાજ વાળા આર્ટિકલ અને અમીશ ત્રિપાઠીના સંશોધનમાં અમુક અંશે સામ્યતા ધરાવે છે.

ચાની કીટલી પર પણ મારી નજર સામાન્ય રીતે વાતાવરણ જો કંઇક નવું આપવાનું વિચારી જ રહ્યું હોય તો મોબાઈલ અને પુસ્તક કરતા પ્રકૃતિમાં વધુ મસ્ત હોય છે. મેં સહેજ વાર આસપાસના બદલાવને સમજવામાં નજરો વ્યસ્ત રાખી હતી. ત્યાં સુધી ચાનો કપ સામે આવી ગયો. મેં સહેજ વાર ધ્યાન સ્થિર કર્યા પછી નજર નાખીને ચાના કપ સામે જોયું. એમાંથી નીકળતો ધુઓ પણ આધ્યાત્મિક લાગતો હતો. જાણે લોબાની ધૂપ વાતાવરણમાં ફેલાતો જઇ રહ્યો હતો.

'મારી ચા ક્યાં છે...?' બાજુમાંથી અવાજ આવ્યો. પણ નજર નાખવા સુધી તો ત્યાં કોઈ હતું જ નહીં. એ હંમેશા આમ જ અચાનક આવીને બેસી જતો હતો. મારા મનના સંશયો પણ એ સ્વયં જાતે જ જાણી જાય છે

'તું ક્યાં ચા પીવે છે કાના.'

'મંગાવ ને... કે હું જાતે મંગાવું.'

છેવટે મેં એની જીદ માનીને ફરીથી ટેણીયાને ચા આપવાનું કહ્યું. આ સ્થિતિ મારા માટે વિચિત્ર સાબિત થવાની હતી એ હું જાણતો જ હતો. એક તો હું એને ના પણ ન પાડી શકું અને બીજી તરફ મારા સિવાય બીજાને તો એ દેખાતો સુધ્ધાં પણ નથી.

'બીજી કોના માટે' ટેણીયાએ ત્રાંસી નજરે મારી સામે જોઇને સહેજ વાર માટે તપેલામાં ચમચો અટકાવીને પૂછ્યું.

'અરે મારે જ પીવી છે.' હાથમાં કપ હોવા છતાં છેક છેલ્લા ટેબલ પરથી મેં કહ્યું.

'ધર્મ વિશે આજકાલ બહુ સમસ્યાઓ છે, બરાબર ને...?' એણે ચા આવ્યા પછી ચહેરા પર સહેજ હાસ્ય વહાવ્યું.

'તું જાણે છે તો પણ મારા મનની વાત કઢાવવા આવું કેમ વર્તે છે...?'

'જો તારો પ્રશ્ન મને ખબર છે પણ તું એને કયા સંદર્ભે જાણવા માંગે છે, એ હું કેમ કરીને સમજી શકું...?'

'કાના કંઈક સમજાય એવું બોલ ને...'

'તું સમજવા નથી માંગતો.'

'એટલે...'

'જો મિત્ર, બધા જ સંદર્ભો તમે(આજના યુગે) બનાવ્યા છે. મારો તો એક જ સંદર્ભ છે. પ્રેમ અને સ્વીકાર, અને આ બંનેનો સમન્વય તો ગીતામાં છે જ ને...? અને તે તો વાંચી પણ છે, તો પછી આટલા વિચારો કેમ..?' એણે ચાનો ખાલી કપ ટેબલ પર મુક્યો.

'ગીતા તો વાંચી છે, પણ...'

'આ પણ મને નહીં સમજાય તું સ્પષ્ટ જ કહી દે.'

'ભલે.'

'હા તો બોલ.'

'જો કાના આજે જ મારા આર્ટિકલ પર કોઈએ કમેન્ટ કરેલ કે ધર્મ એ બનાવાતો નથી એ તો શાશ્વત છે.'

'બરાબર જ કહ્યું છે ને, જેણે પણ કહ્યું છે.'

'શુ કાના તું પણ એના જેવી જ વાતો કરે છે. પણ, શુ શાશ્વત ધર્મ અત્યારે હયાત છે...?'

'મેં ક્યાં કહ્યું કે અત્યારે શાશ્વત ધર્મ હયાત છે. શાશ્વત હંમેશા એક જ હોય, અત્યારે ઘણા ધર્મો છે. એટલે નિઃસંદેહ કંઈક તો છે જે આજે બદલાયું છે.'

'તો શાશ્વત ધર્મ શુ છે...?'

'શાશ્વત ધર્મ એ માણસ અને પ્રકૃતિ વચ્ચેની એકલીનતા છે. જ્યાં અન્ય કોઈ ધર્મ અસ્તિત્વ ન ધરાવતો હોય ત્યાં જે કાંઈ પણ વધે છે, એ સ્થિતિને શાશ્વત ધર્મ અથવા સ્થિતિ ઘણી શકાય.'

'...અને આ સ્થિતિ ક્યારે આવે કાના...?'

'જ્યારે બંધનો રહે નહિ ત્યારે શાશ્વત જે કાંઈક વધે અને કદાચ આ શાશ્વત સ્થિતિ જ અંતિમ રહી જાય ત્યારે એમાંથી પ્રકૃતિ સાથેની એકલીનતા પ્રજ્વલિત થાય છે. જેને તું ધર્મના સંદર્ભ સ્વરૂપે પણ સ્વીકારી શકે.'

'મારામાં આ સ્થિતિ છે...?:

'છે પણ, તું સ્વીકારે તો જ એ શાશ્વત બને...?'

'એટલે...?'

'જો તું તો શાશ્વત ધર્મમાં માને છે. તો પછી શા માટે બીજાના વિચારોમાં ફસાઈ જાય છે.'

'હું ફસાતો નથી કાના, કઈંક જાણવાની ઝંખના મને આ વિચારો કરવા મજબુર કરે છે.'

'બધું ભૂલીને મને માત્ર એટલું કહે કે શાશ્વત પરમાત્મા કોણ છે.?'

'એ તો મુશ્કેલ છે.'

'જો હું સમજાવું, જેનો કોઈ ધર્મ નથી, જેનો કોઈ અંત નથી, જે પરમ અને ચીર સત્ય છે એજ ભગવાન છે. તેમજ જે ધર્મ તમને ક્યાંય રોકતો કે ટોકતો ન હોય એજ સાચો અને શાશ્વત ધર્મ છે.' એના ચહેરા પર હજુ સુધી એ જ નિખાલસ હાસ્ય વહેતુ હતું.

'એટલે રોકટોક એ ધર્મને છંછેડે છે એમ...?'

'એને સમજવા કર્મની વિભાવના સમજવી પડે.'

'ધર્મ અને કર્મ બંને...'

'ધર્મ અને કર્મ બંને એક જ સિક્કાની બે બાજુ છે.'

'એટલે એ કઈ રીતે...? ધર્મ અને કર્મ એતો સંપૂર્ણ સ્વતંત્ર છે ને...?'

'જો ગીતા મુજબ તું જાણે છે કે ઉચિત કર્મ એ જ સાચો ધર્મ છે. પણ આ ઉચિત કર્મનું નિર્ધારણ એ પણ ધર્મના આધારે જ થાય છે. એટલે કર્મ વગર ધર્મને ન દર્શાવી શકાય અને ધર્મ વગર કર્મને ન દર્શાવી શકાય.'

'મને કઈ જ નથી સમજાતું.'

'જો તું હાલ અહીં હોટલ પર ચા પીવે છે. પણ, અમુક સમય બાદ તું અહીંથી બહાર જઈશ અને ત્યાં તને આખી સૃષ્ટિ એકલીનતામાં રાચતી જોવા મળશે.'

'હા...તો...'

'કોઈક ને મદદની જરૂર છે, અને તારે કોઈકની મદદ કરવી છે. આ બંનેમાં શુ ફેર...?'

'પહેલી સ્થિતિ એ ધર્મને નિર્દેશિત કરે છે અને બીજી સ્થિતિ એ કર્મને નિર્દેશિત કરે છે.'

'બરાબર કહ્યું સુલતાન.' એની આંખોમાં એક વિચિત્ર ચમક મને દેખાઈ.

'પણ આમાં ધર્મ અને કર્મ એક સિક્કાની બે બાજુ કેવી રીતે...?' મેં ઉત્સાહ અને જિજ્ઞાસાવશ પૂછ્યું.

'જો આપણે પહેલી સ્થિતિની વાત કરીએ કે કોઈકને મદદની જરૂર છે. એટલે કે, આપણે એની સહાયતા કરવી કે ન કરવી એ નિર્ણય ધર્મના આધારે નક્કી કરવો હોય તો એના પાછળના હેતુને જરૂર ધ્યાનમાં લેવો પડશે. આપણે એને મદદ કરવી છે, કારણ કે આ વ્યક્તિ આપણો અંગત છે. ભલે એ ગુનેહગાર કેમ ન હોય ત્યારે એ સ્થિતિમાં ધર્મ પણ અધર્મ બની જાય છે. પણ, જ્યારે નિષ્પક્ષ રહીને એનું પાલન કરવામાં આવે ત્યારે જે કર્મ થાય એ ઉચિત કર્મ બની જાય છે અને જે આચરણ થાય એને ઉચિત ધર્મ ઘણી શકાય. આમ ધર્મની જાળવણી માટે કર્મ કરવું જરૂરી છે.' એણે સહેજ સ્મિત સાથે કહ્યું. અને ફરી ઉમેર્યું એ જ રીતે તારે કોઈકની મદદ કરવી છે એ સ્થિતિને વિચારતા કર્મ અને અકર્મની વ્યાખ્યા ઉદ્દેશીત થશે. જો કોઈકની મદદ કરવા પાછળ કોઈ હેતુ હશે તો આ પ્રવૃત્તિ કર્મ ગણાશે, પણ જો કોઈ નિર્ધારિત હેતુ નહીં હોય તો આ સ્થિતિ અકર્મ ગણાશે. અકર્મમાં કોઈ ધર્મના પ્રકાર નહીં હોય પણ કર્મમાં જો એનો હેતુ સૃષ્ટિ માટે હેતુ કારક છે તો એ ઉચિત કર્મ ગણાશે. પણ, જો એ કર્મમાં કોઈકને હાની પહોંચાડવાનો હેતુ હશે તો આ અનુચિત કર્મ ગણાશે. આમ કર્મ અને ધર્મ એ એક જ સિક્કાની બે બાજુ બની રહે છે.'

'ઉચિત કર્મ એટલે...?'

'જેનો હેતુ લોક હિત સાથે સંકળાયેલો હોય અને અનુચિત કર્મ એટલે એના કારણે અન્યને નુકશાન કે ક્ષતિ પહોચે. જેમાં વ્યક્તિનો અંગત સ્વાર્થ જોડાયેલો હોય ત્યારે તેને અનુચિત કર્મ ઘણી શકાય. જેમ કે પોતાની માતૃભૂમિની રક્ષા માટે દુશ્મનને મારનાર સૈનિકનું કર્મ હત્યાનું હોવા છતાં એની સાથે જોડાયેલું લોક હિત અને એની સકારાત્મક ભાવના એને ઉચિત કર્મમાં પરિવર્તિત કરે છે. જે એક પ્રકારે પુણ્ય ગણવામાં આવે છે. ત્યાં જ સામે જો કોઈકની ભૂમિ હડપવા માટે કરવામાં આવતા યુદ્ધ અને હત્યાઓ અનુચિત કર્મમાં ગણાય છે. કારણ કે એમાં લોકોનું અહિત સંકળાયેલા હોય છે. તેમજ સ્વાર્થ ભાવના હોય છે તેથી એને પાપકર્મ પણ ગણવામાં આવે છે.'

'...અને અકર્મ?'

'અકર્મમાં કોઈજ હેતુ ન હોય એવી સ્થિતિને સાંકળી લેવામાં આવે છે. જેમ કે એમાં લોક હિત અથવા લોક અહિત જેવી બંને ભાવનાઓનો અભાવ હોય છે. જેમ કે સવારે ચલવા જવું અને અજાણતા પગમાં ચગદાઈ જતા જીવોનો અંત એ અકર્મ ગણાય છે. કારણ કે એમાં કોઈ પૂર્વનિર્ધારીત ધ્યેય હોતો નથી. એ સૃષ્ટિના ચક્રમાં આવતું એકમાત્ર પરિવર્તન ગણાય છે.'

'તો ધર્મની ન બદલાવવાની વાત...?'

'હવે એ તારે જાતે જ નિર્ધારિત કરવું જોઈએ.'

'પણ...' હું વધુ બોલું એ પહેલાં સામેના છેડે દેખાતું પ્રતિબિંબ હવામાં ઓગળી ચૂક્યું હતું. આજે પણ એ હંમેશની જેમ જ ઓચિંતા હવામાં ઓગળી ગયો હતો. દરેક વખતે ઘણું જ્ઞાન એ આપીને જાય છે અને ઘણું વિચારવા, સમજવા અને શીખવા માટે હોમવર્ક પણ આપતો જાય છે...

~ સુલતાન સિંહ 'જીવન'

(૦૬:૦૬ pm, ૨૫ ઓગસ્ટ ૨૦૧૭)

અંધશ્રધ્ધાઓ

કહેવા માટે અને વાત કરવા માટે તો ઘણું છે પણ આજે હું જે કાંઇ જોઇ રહ્યો છું એ જ બાબતની વાત કરીશ.

તો પહેલાંનાં સમય માં ટેક્નલોજી નો અભાવ હતો તથા લોકો નાં મગજ એટલાં વિકસિત તો હતાં નહિં. તો પછી એમણે કેટલાંક નિયમો બનાવેલં હતાં જે દરેક નાં હિત માં હતાં.

તે સમયે એ નિયમો કોઇક કારણોસર ખરેખર માન્ય ગણી શકાય તેવાં હતાં. પણ હાલ નાં સમયે જો તમે એ જોશો તો એ દરેક નિયમ ને અંધશ્રધ્ધા જ ગણવી ખોટી નથી....!

એ સમયે તહેવારો ની વાત કરીશું તો પહેલાં તો શીતળા સાતમ એ હવે દરેક લોકો રાંધણછઠ્ઠ ના દિવસે જે કંઇ બનાવ્યું હોય એ જ ઠંડુ ખાવાનું ખાતા હોય છે. પણ એમા પણ લોકો પોતાની જાતી પ્રમાણે સાતમ કરતાં હોય છે. અને જો કોઇ એમને પુછે કે તમે આજેકેમ સાતમ કરો છો તો એ વ્યક્તિ કહેશે કે અમારી જાતી નાં લોકો આજે જ સાતમ નો તહેવાર ઉજવે છે.

તો શું આ શીતળામાતા માટે જે દંતકથા છે એ પ્રમાણે કે માતાજી સાતમ ના દિવસે દરેક ના ઘરે જે ચૂલો હોય એ ચૂલા મા આળોટવાં આવે છે અને આ સમયે એ દાઝી ના જાય એનાં માટે છઠ્ઠ નાં દિવસે બનેલું ખાવાનું જ ખાવા માં આવે છે.

પણ આ વાત કેટલાં ટકા સાચી મસમજવી...? શું માતાજી લોકો ની જાત-પાત જોઇ ને ચૂલા માં અળોટવા આવતા હશે....? શું માતાજી ને ખબર છે કે આ વ્યક્તિ ની આજે જ સાતમ છે ...? અને મૈં તો કેટલાક એવાં લોકો પણ જોયાં છે જે સાતમ જેવું કંઇ ઉજવતાં જ નથી. તો શું માતાજી એમનાં ઘરે જે ચૂલો હોય ત્યાં નથી જતા...? કેમકે જો જશે તો તો દાઝી જવાય ને...?

આ બધી વાતો ની વચ્ચે એક વાત એ પણ જોવા મળે છે કે લોકો પોતાનાં ઘરે માતાજી આવે એનો ભય રાખી ને ઘરે કંઈ નથી બનાવતાં પણ પોતાની દુકાન હોય તો તે દુકાને જો કંઇ બનાવા ની જરૂર પદે તો જરૂર થી એ બનાવે જ છે. અથવા કોઇ હોટેલ માં જઇ ને ગરમા ગરમ જમવાં નું પણ જમી ને જ આવે છે ત્યારે કોઇ માતાજી નથી નડતાં કે કોઇ માતજી નથી દાઝતાં...?

હવે મૂળ વાત પર આવીએ તો વાત એમ છે કે જ્યારે આ સાતમ નાં તહેવાર ની વાત અમલ માં આવી તે સમયે કોઇ પણ ઘરે કોઇ પણ સ્ત્રી ને સમય નહોતો મળતો હતો કે એ શાંતિ થી આરામ કરે કે પછી શાંતિ થી ક્યાંય ફરવા જાય તો એ માટે એ સ્ત્રીઓ ને એક દિવસ પુરતી આઝાદી થી આરામ કરવા ની ફરવા ની શાંતિ મળે. એ જ કારણસર આ તહેવાર અમલ માં આવેલો કે આગલાં દિવસે આખા દિવસ ની જહેમત કરી ને રસોઇ કરી દેવા માં આવે અને બીજા દિવસે કોઇ પણ ચિંતા વગર આરામ કરે આથવા ફરવા જતા રહે. પણ હાલ ના સમયે એ વાત અંધશ્રધ્ધા માં પ્રવર્તી ગઇ છે. કે માતાજી આવે છે અને બીજી પણ ઘણી વાતો ખબર નહિં કંઇ કેટલીય અંધશ્રધ્ધાઓ જે ગણતાં પણ ના ગણી શકાય.

આ સાતમ નાં દિવસે લોકો કંઇ કેટલીય અવનવી વાનગીઓ બનાવશે પણ એ બધી વાનગીઓ જે કોઇ સગાં સંબધી હશે એમને જ ખવડાવશે અને ઘર નાં લોક જ ખાશે પણ શું એ વાનગીઓ કોઇ ગરીબ માણસો જેમણે ક્યારેય ચાખી પણ ના હોય એમને ખવડાવશો તો પુણ્ય ના મળે ..? શું મન માં ખુશી નો ભાવ ના થાય...? એવો આંનદ જે કોઇ પણ આનંદ ની સામે ફિક્કો પડી જાય...?

કેમ નહી...? પણ આ અન.દ લેવો જ કોને ચે બસ દરેક લોકો ને પોતી જ ચિંતા છે. પોતાનાં સ્ટેટસ ની ચિંતા ચે કે સામેવાળા વ્યક્તિ ની સામે પોતાનું સ્ટેટસ નાનું ના દેખાય બસ...!

આવી દરેક બાબતો દરેક તહેવારો સાથે જોડાયેલી ચે જેની પાછળ નું કારણ કંઇ હોય અને આપણે એ કારણ ને સમજીએ કંઇ બીજું જ. તો આવો આપણે જ આ બધી વાતો ને પાછળ મૂકી આઘળ નિકળવા નો પ્રયત્ન કરીએ. ભલે વધારે ના સહિ કોઇ એક ગરીબ નાં દિલ ને તો ઠારીએ.

અંધશ્રધ્ધા ની આંધળી દોટ માં
કોઇ રહ્યું ભૂખ્યું તો,
કોઇક પથ્થરોએ ભોજન ન આરોગતા
ભોજન આરોગવાનો કર્યો ઢોંગ,
ઢોંગ કરવા માં પણ જુઓ
આ પથ્થરો તો ના ઠર્યા રોંગ,
આ ઢોંગ માં ક્યાંક દૂધ ની નદીઓ વહી
તો ક્યાંક કોઇ ને સૂકી રોટલી પણ ના જડી,
કોઇ માતા શું આટલી નિર્દય બની...?
અનેક પકવાનો લઇ પેટ પોતાનું ભરવા બેઠી..!,
થાળ ધરી ભક્તો ઘરે ગયા પણ
એ ગરીબ ભૂખ્યાં ની કોને માયા,
શરમસાર થઇ ઇન્સાનિયત જ્યારે
એ બાળક મંદિર બહાર બેઠો
દૂધ ની વહેતી ધાર તાકતો,
સૌ કોઇએ ભગવાનને તૃપ્ત કર્યા પણ
કોઇએ એ બાળક ને
ના દૂધ ના પ્યાલા ધર્યા.

~ કલ્પેશ ચૌહાણ 'કવું'



કૃષ્ણ.... એક એવું નામ કે જેનાં ઉચ્ચારણ માત્રથી મન આનંદથી ભરાઈ જાય! તેમની બાળલીલાઓની યાદે મન મહેકી ઉઠે!

કૃષ્ણ.... કર્શતી ઇતિ કૃષ્ણ. મતલબ જે આકર્ષિત કરે છે તે. સંસ્કૃતમાં કૃષ્ણ શબ્દનો આપવામાં આવેલો આ અર્થ ભગવાન શ્રીકૃષ્ણનાં વ્યક્તિત્વને સંપૂર્ણપણે ઉજાગર કરે છે! દ્વાપર યુગમાં જન્મેલ શ્રીકૃષ્ણ હાલ ચાલી રહેલા કળીયુગમાં પણ લોકોના મનને પોતાની તરફ આકર્ષિત કરી રહ્યા છે. કોઈ તેમનો જીવનકાળ ૧૨૫ વર્ષનો ગણે છે તો કોઈ ૮૮ વર્ષનો! આ બધી આંકડાકીય માહિતીમાં ન પડતાં આપણે જરા અલગ રીતે વિચારીએ કે કૃષ્ણ કોણ હતાં? કેવાં હતાં? શું હતાં?

શ્રાવણ માસની મેઘલી ઘનઘોર રાતે, કાળા ડીબાંગ વાદળો સાંબેલાધાર વરસી રહ્યાં હતાં. વદ આઠમના આકાશમાં વીજળી જાણે ધરતીને ગ્રસી જવા માંગતી હોય તેમ સળાવા કરી રહી હતી ત્યારે રાજા કંસ દ્વારા અનુશાસિત મથુરાની જેલમાં બરાબર મધ્યરાત્રીએ એક મેઘવર્ણનાં બાળકે જન્મ લીધો. રોહિણી નક્ષત્રમાં જન્મેલાં આ બાળકનું નામ પછીથી કૃષ્ણ રાખવામાં આવ્યું. જન્મતાવેંત જ પોતાને ગોકુલ પહોંચાડવા માટે પિતા વાસુદેવને બેડીનાં બંધનમાંથી મુક્ત કરાવ્યા. દુર્જન મામા કંસને પાઠ ભણાવવા માટે એક રાજકુળનું સંતાન ગોકુલ જેવા નાનાં ગામડામાં ગાયો વચ્ચે ઉછર્યું. અને ત્યાં પણ તેમણે કરેલી બાળલીલાઓનો કોઈ પાર નથી! અનેક દૈત્યોને સ્વધામ પહોચાડનાર નટખટ કનૈયાએ ધરતીનો ભાર ઉતારવાની શરૂઆત માત્ર ૬ દિવસની ઉમરે માસી પૂતનાને મારવાથી કરી તે સર્વ વિદિત છે. પછી તો શકટાસુર, બકાસુર, અઘાસુર ને અગિયાર જ વર્ષની વયે મામા કંસને મારીને લોકોને ત્રાસમુક્ત કર્યા. આમ તેમની બાળલીલાઓનો કોઈ જોટો જડે તેમ નથી. જો કે તેમણે તેમની આખી જીવનયાત્રા દરમિયાન એવું એક પણ કાર્ય નથી કર્યું કે જેમાં મીનમેખ કાઢી શકાય. પોતાનાં સગાં - સંબંધી, મિત્રો, પ્રજાજનો અને પૂરા વિશ્વને જીવન જીવવામાં સહાયરૂપ થાય તેવા કાર્યો જ યુગધારણ શ્રીકૃષ્ણએ કર્યા છે.

તેમને મોટાભાગના લોકો વિષ્ણુનો અવતાર જ માને છે કે જેનો જન્મ આ ભૂમિને અને સજ્જનોને, દુષ્ટોથી બચાવવા માટે થયો છે. તો વળી અન્ય એક મત ધરાવતાં લોકો તેમને માત્ર એક સફળ રાજકારણી ગણાવે છે. તેમનાં કાર્યો હમેશા અદ્ભુત અને અલૌકિક રહ્યા છે! પછી તે બાળવયમાં રાક્ષસોનો નાશ કરવાનું કાર્ય હોય કે કાલિયા નાગનું દમન હોય! ગોવર્ધન જેવા પર્વતને ટચલી આંગળીએ તોળવાની વાત હોય કે અસંખ્ય રૂપ ધરીને ગોપીઓ સાથે રાસલીલા કરવાની વાત હોય! બધું જ અલૌકિક.....બધું જ સામાન્ય માણસની સમજથી બહાર.....જોકે કૃષ્ણને સમજવા માટે દિમાગ નહીં દિલની જરૂર પડે! વજ્ર જેવા પોલાદી શરીરધારી કૃષ્ણમાં એક લાગણીભીનું નાજુક હૈયું પણ ધબકતું હતું! કૃષ્ણ પોતાની મા યશોદા, નંદબાબા, દેવકી - વાસુદેવ, ગાયો, ગોપીઓ, ગોપબાળો અને વ્રજભૂમિને અસીમ પ્રેમ કરતાં હતા. શું શું નથી કર્યું આ વિભૂતિએ......?!! વનમાં ગાયો ચરાવી છે તો મહાભારત જેવું યુદ્ધ લડ્યા વગર સફળતાપૂર્વક જીતી બતાવ્યું છે! કૌરવોને તેમના દુષ્કર્મોનું ફળ આપ્યું છે તો પાંડવોને તેમના સત્કર્મોનું! કૃષ્ણે હંમેશા સત્ય અને ધર્મને વિજય અપાવ્યો છે. અસત્ય વહેલું મોડું હારે જ અને સત્યની હંમેશા જીત થાય તે ક્રમને વિશ્વેશ્વર શ્રીકૃષ્ણએ સાર્થક કરી બતાવ્યો છે! સર્વ કાળનાં જ્ઞાતા એવા શ્રીકૃષ્ણએ દ્વારકા નગરી પર રાજ કર્યું છે ને રાજ-સી ઠાઠ માઠ ભોગવ્યો છે તો આ જ કૃષ્ણએ દુર્યોધનના મેવા મીઠાઈને ત્યજી દઈને, વિદૂરજીના ઘેર ભાજીનું શાક ખાઈને પોતાની પરમ ભક્ત એવી વિદુર પત્નીનું ગૌરવ વધાર્યું છે.

તેમણે દુનિયાને અને મનુષ્યને જીવન કઈ રીતે જીવવું તેનો અમૂલ્ય સંદેશો આપ્યો છે. અને તે પણ માત્ર કોરા પ્રચારથી નહીં પણ આચરણથી કરી બતાવ્યું છે. તેમણે માનવમેદની ભેગી કરીને શુષ્ક પ્રવચનો નથી કર્યા કે નથી કોઈ ભારેખમ સિદ્ધાંતો આપ્યાં! તેમણે તો બસ એક જ સૂત્ર આપ્યું છે: "કર્મ કર. ફળની ઈચ્છા ન રાખ." ધર્મનાં નામે કોઈ ઢોંગ કરવાનું તેમને પસંદ નથી. તેઓ તો બસ કર્મ - યજ્ઞ કરવાની જ સલાહ આપે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં બીજા

અધ્યાયના સુડાતાલીસમાં શ્લોકમાં શ્રીકૃષ્ણએ કહ્યું છે કે મનુષ્યે ફળ પ્રતિ આસક્તિ રાખ્યા વગર કર્મ કરવા જોઈએ. નિષ્કામ કર્મ માણસને નિ:સંદેહપણે મુક્તિનાં માર્ગ પ્રતિ દોરી જાય છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।

मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥

મહાભારતના યુદ્ધ સમયે સામે સ્વજનોને જોઇને અર્જુને જયારે હથિયાર હેઠા મૂકી દીધાં હતાં ત્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણએ જે જ્ઞાન આપ્યું તે ગીતા! હજારો વર્ષો પહેલાં જે અર્જુન માટે પ્રભુએ કહેલું તે આજ પણ આપણાં બધાં માટે એટલું જ સાચું છે. ગીતાજીમાં અપાયેલાં જ્ઞાનની તોલે હજી સુધી કોઈ આવી શક્યું નથી! એટલે જ સદીઓ વીતવા છતાં પણ ગીતાજી ઘર ઘરમાં વંચાય છે, પૂજાય છે! હિંદુ લોકોનો પવિત્ર ગ્રંથ ગણવામાં આવતા આ ગ્રંથનું મહત્વ એટલું બધું છે કે આજે પણ કોર્ટમાં તેનાં પર હાથ મુકાવીને સાચું બોલવાનાં સોગંદ લેવડાવવામાં આવે છે. તેટલું જ નહીં પણ સોગંદ લેનાર વ્યક્તિ ગીતા પર હાથ મુકીને ખોટું નહીં જ બોલે તેમ માનીને તેની જુબાની લેવામાં આવે છે! શું એ ઓછા ગૌરવની વાત છે!

ભગવાન શ્રીકૃષ્ણ ખુદ એટલા શક્તિશાળી હતાં કે આખી કૌરવ સેનાનો એકલે હાથે નાશ કરી શકે! પણ તેમણે તેમ ન કરતાં અર્જુનને સ્વયમ કર્મ કરવાની સલાહ આપી. તેમનાં રાહબર બન્યાં અને યુદ્ધમાં જીત પણ અપાવી! આ રીતે ભગવાન આપણે સમજાવે છે કે મુશ્કેલીઓનો સામનો જાતે જ અને હિંમતથી કર તો હું હમેશા તારી સાથે રહીશ! મુશ્કેલીથી ડરીને હથિયાર હેઠા મૂકી દેનારની મદદે આવવું તો ભગવાનને પણ ન ગમે! કૃષ્ણએ ગીતામાં ક્યાંય નથી કહ્યું કે તું વ્રત કર કે હોમ હવન કરીને મારા નામની માળા જપ્યા કર ! બસ કર્મ કર. હું તારી સાથે જ છું. તને માર્ગ ચીંધવા હું હમેશા તારી આગળ રહીશ. કદાચ ગીતાજીનો આ જ સાર છે! આદર્શ વ્યક્તિત્વનાં માલિક એવાં શ્રીકૃષ્ણ સમય આવ્યે પોતાનાં આદર્શો સાથે બાંધ - છોડ પણ કરી શકતાં હતા. ભક્ત વત્સલ ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતનાં યુદ્ધમાં શસ્ત્ર ન ઉઠાવવાની પ્રતિજ્ઞા લીધી હોવા છતા અર્જુનની રક્ષા કરવા માટે શસ્ત્ર ઉઠાવતાં ક્ષણાર્ધની પણ વાર લગાડી ન હતી.



આમ શ્રીકૃષ્ણ એટલે અમર્યાદિત લીલાઓ.... અને તેમની પૂજા એટલે નિષ્કામ કર્મ. પણ શ્રીકૃષ્ણ એ માત્ર ગીતામાં ગવાયેલું જ્ઞાન નથી. એ તો હૃદયકમળમાં વહી રહેલી સ્નેહની સરિતા છે! ગાયો ચરાવતો ને વાંસળીનાં સૂરે ગોકુળને ઘેલું કરતો એક ગોપબાળ જીવનની કેટલી મોટી ફિલસુફી સમજાવી ગયો છે. કૃષ્ણ એક અનુભૂતિ છે. તેને શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ છે. તેને તો બસ અનુભવી જ શકાય. જેમ સુગંધ જોઈ નથી શકાતી પણ અનુભવી શકાય છે - બિલ્કુલ તેમ જ! શ્રીકૃષ્ણની ભક્તિમાં રંગાયેલા ભક્તોએ ઠેર - ઠેર તેમનાં મંદિરો બનાવ્યાં છે. દેશ હોય કે વિદેશ કૃષ્ણનાં મંદિરો બધે જ જોવા મળે છે. ઇસ્કોન જેવી સંસ્થા અવિરતપણે કૃષ્ણ ભક્તિનો પ્રચાર કરી રહી છે. તેમનો ઉદેશ ભૌતિક જગતમાં દુઃખ ભોગવતાં જીવોને ભક્તિયોગનાં જ્ઞાન વડે વૈકુંઠલોકની પ્રાપ્તિ કરાવવાનો છે. ઇસ્કોન શબ્દનો અર્થ જ છે : ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શ્યશનેસ. ઇસ્કોન દ્વારા ભારતભરમાં મંદિરો સ્થાપવામાં આવ્યાં છે. ગુજરાતથી મણીપુર સુધી અને જમ્મુથી તમીલનાડુ સુધી એમ દેશની દરેક દિશાઓમાં આવેલા ઇસ્કોનના અને બીજા કૃષ્ણ મંદિરોમાં કૃષ્ણ - ભક્તિનો અનેરો નાદ ગૂંજી રહ્યો છે. કૃષ્ણ દરેક ભક્તોને પોતાનાં પુત્ર કે સખા જેવાં લાગે છે, પોતાનાં કુટુંબીજન જેવા લાગે છે કે જેને પોતાનાં દિલની દરેક વાત કહી શકાય! શ્રીકૃષ્ણની આ જ તો ખૂબી છે કે તેઓ કોઈ આડંબર નથી કરતા! અને એટલે જ સૌ નાં દિલમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. હાલ ચાલી રહેલા આ પવિત્ર શ્રાવણ માસમાં આવી રહેલા તેમનાં જન્મદિવસને ઉજવવા ભક્તો અધીરા બની રહ્યાં છે. આખા દેશમાં તેમનો જન્મદિવસ રંગે ચંગે ઉજવવામાં આવે છે. કૃષ્ણ જન્માષ્ટમીના દિવસે દરેક ઘર ગોકુલ બની જાય છે અને દરેક ભક્તનું મન ગોકુળવાસી! કૃષ્ણ જન્મનાં વધામણાં ભક્તોને ભાવવિભોર કરી દે છે ને દરેક મન કૃષ્ણ ભક્તિરૂપી અમીરસમાં ભીંજાઈને તરબોળ બની ભાવ પૂર્વક બોલી ઉઠે છે : નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી. તો આવો, આપણે સહુ પણ કૃષ્ણ ભગવાનને આપણાં દેશ અને દેશબાંધવોની રક્ષા કરવા માટે પ્રાર્થના કરીએ ને કહીએ : હેપ્પી બર્થડે કાનુડા!

-ભગવતી પંચમતીયા 'રોશની'

શબ્દસર્જન

જુલાઈ/ઓગસ્ટ - 2017

શબ્દ – વરસાદ/શિવ/રક્ષાબંધન

સુત્રધાર – ઉર્વીશ કે સવાણી

ગરજે કડડડડ આભ વિજળી ને ચમક થાતી હશે,
ઘનઘોર કાળી રાતડીમાં જાન ખેંચાતી જશે,
એ નાદ ડમરું ગાજશે ને કાળ સૌનો બોલશે,
તાંડવ થશે શિવ શંકરાનું આંખ ત્રીજી ખોલશે,

છે પ્રેમનું જે નામ જગમાં ધૂળધાણી થઈ જશે,
સાથે કવન જે પ્રેમનું છે ધૂળમાં મળતું હશે,
યમરાજનો ફરશે સપાટો લેખ ત્યારે બોલશે,
તાંડવ થશે શિવ શંકરાનું આંખ ત્રીજી ખોલશે,

સૌ બાળ, નર ને નાર સહિતે નીંદમાં પોઢી જશે,
ધગધગ થતાં એ સૌર તાપે આગમાં બળતાં હશે,
રોકી ન શકવું જોઈ રહેવું જ્યાં વિવશતાં બોલશે,
તાંડવ થશે શિવ શંકરાનું આંખ ત્રીજી ખોલશે,

ધરણી ધમકશે ફાટશે ને નાશ સૃષ્ટિનો થશે,
પૃથ્વી થશે શૂન્યાવકાશી જીવ લુપ્તી થઈ જશે,
ચારે તરફ પાણી અને વન એ કહાણી બોલશે,
તાંડવ થશે શિવ શંકરાનું આંખ ત્રીજી ખોલશે,

શાને કરે છે માનવી તું હાય ધનને પામવા,
આવે નહીં એ કામ તારા કાળ બળને ડામવા,
થાશે ભયંકર હાલ તારાં લાઠી ઈશની બોલશે,
તાંડવ થશે શિવ શંકરાનું આંખ ત્રીજી ખોલશે.

~ ભાવિન દેસાઈ 'અકલ્પિત'

વરસતો વરસાદ નિહાળું ને મારું મન કેવું હિલોળે ચડતું રે....
નેવનાં ટપકતાં નીરમાં વહીને પિયુને જઈ એ મળતું રે......
વરસતો વરસાદ નિહાળું ને ૦

છલછલ વહેતાં ઝરણાં દેખી મારા ઉરમાં આવે પૂર,
પ્હેલો વ્હેલો ઉમળકો જોય મારા રૂપમાં આવ્યું નૂર.

ને ઝરમર મેહુલે ભીંજવી મુજમા જ કોય સમાઈ ભળતું રે.....
વરસતો વરસાદ નિહાળું ને મારું મન કેવું હિલોળે ચડતું રે....

વ્હેલી પરોઢ નીરખી મારા રોમે રોમે એની ભાત,
કૂંપળ ફૂટી અફવા ફેલાય એને છાના મળ્યાની વાત.

ક્યાંયે ધૂળ પર ક્યાંયે ફુલ પર વરસ્યાનું પ્રમાણ જડતું રે....
વરસતો વરસાદ નિહાળું ને મારું મન કેવું હિલોળે ચડતું રે....

~ તૃપ્તિ ત્રિવેદી 'તૃપ્ત'

એ અફાટ વરસતાં વાદળની જેમ બંધન બધા તોડી
ભીની સુગંધીત માટીને હતી પૂરા શરીરે રગદોળી

ને આજે તકેદારીથી એકદમ કે ભીંજાઉ પણ ના થોડી
પેલી દોરી પર નાં કપડાં બચાવવા જાઉં દોડી દોડી

જતનથી બનાવતી અસબાબ જેવી કાગળની જે હોડી
કેટલી બેફિકરાઈથી પાણી માં દેતી કાયમ હું છોડી

આજે બધું જ કસોકસ સાચવીને બાંધુ ખોળી ખોળી
કોણ જાણે કયા લઇ જવું છે સઘળું મારે આ જોડી

સ્નેહ એટલો કે મારી ને વર્ષાની કહેવાતી જુગલ જોડી
આશા પણ રાખે કોરી, કાશ થઈ હોત મોટી થોડી મોડી

~ મીરાં સંજય સાયાણી



પ્રેમે ઉભરે આ ડગરે તો નફરતનું શું કારણ?
જીવો જલસાથી વ્હાલા જે દર્દોનું છે મારણ.

વરસે વર્ષા ભરપુર દુર થઈ સઘળી એ તારાજી;
ખુશ છે ધરતી આજે વર્ષા રાણી એનું તારણ.

વગડે વ્હેતા પાણીનાં એ ખળખળ છલ છલ નીર,
ધરતીપુત્રને માથેથી જો ઉતરતું મોટું ભારણ.

ટહુકા કરતાં નાચે ઓલા પંખી છાના માના,
લ્હેરી ઊઠી ખુશહાલીની દેખાતું ના સુકુ રણ?

ગાતા ગીતો સુમધુર આ કોયલ બેની જો 'શરદ',
ધરતીએ જાણે હરિયાળી વસ્ત્રો કર્યા ધારણ

~ શરદ સેતા

ડુંગર ડુંગર શિવા ડોલે,
સ્મશાને જો ડમરું બોલે.

લિંગે બીલી પત્રો ચડતાં,
તો સૌ બોલો બમ બમ ભોલે.

કંઠે એના સર્પો ઝૂલે,
પાછું ત્રીજું નેત્ર ખોલે.

દોષી લોકો કેવા ભાગે,
જ્યારે શિવા તાંડવ તોલે.

પોઠીયા પર શિવા આવે,
સ્વરો ગુંજે હર હર ભોલે.

~ કશ્યપ લંગાળિયા

વીર તને યાદ કરું ભીંજાયે આંખડી,
વીર તને કેમ કરી મોકલાવું રાખડી.

વીર એમ દોરાનો તાર એક તૂટિયો,
વીર સાથ તારોને મારો ત્યાં છુટિયો.
વીર મારી કરમાણી ફૂલ કેરી પાંખડી.
વીર તને કેમ કરી મોકલાવું રાખડી.

વીર આવ હાથોનાં ઓવરણા ઝીલવા,
વીર આવ આંગણમાં છોડ થઈ ખીલવા.
વીર મને આજે પણ પસલીની ધાખડી.
વીર તને કેમ કરી મોકલાવું રાખડી.

વીર તું તો સાત-સાત વાદળની પાર રે,
વીર હવે કેમ કરી મેળવું હું ભાળ રે.
વીર પછી સપનાની પહેરી મેં ચાખડી.
વીર તને અંતરથી બાંધી મેં રાખડી.
વીર તને અંતરથી બાંધી મેં રાખડી.

--ભરત વાઘેલા



તટસ્થ વિચાર

મીડિયા અને સરકાર (પોલિસ તંત્ર) એવી રીતે હવે નવા નવા સત્ય પ્રજા સામે ઠાલવી રહ્યું છે જાણે આજ પહેલા બાબા રામ રહીમની કોઈ હરકત એ લોકો જાણતા જ ન હતા.

એક વસ્તુ ક્યારેય ગળે ઉતરે એવી નથી કે દેશમાં કંઈક ઘટતું હોય અને એ ઘટના મીડિયા અને પોલિસ તંત્રથી અજાણ હોય... હા ઉપરના પ્રેશર અને દબાવના કારણે અથવા પછી મળતી થોક બંધ લાંચને કારણે એ લોકો આંખ આડા કાન કરતા હોય એ શક્ય છે...

પણ બંને સ્થિતિમાં આ બંને તંત્રો ક્યાંકને ક્યાંક અજાણી રીતે લોકશાહીને દગો તો દેતા જ હતા ને...??

પણ છેલ્લે ગમ્મે તે હોય જ્યાં સુધી પંજાબ-હરિયાણા જેવી કોર્ટ છે અને નિષ્પક્ષ જજો છે, ત્યાં સુધી પ્રજા સાથે ન્યાય થાય એમાં પણ બેમત નથી.


તીખારો - હવે તો ગુજરાત સરકારને **SC** દ્વારા પણ ટોકવામાં આવી છે કે આશારામ મુદ્દે પણ હજુય ગુજરાત સરકાર એને મા દ્વારા મળતી ડાટ-ફટકાર સમજીને જ વર્તી રહી છે.

તમે શું માનો છો... આ બધા માં...??

{ નોધ - આ અંગેના પ્રતિભાવો આપ **kavygoshthi@gmail.com** વિષય વસ્તુ 'તટસ્થ વિચાર' લખીને આપી શકો છો. }

~ સુલતાન સિંહ 'જીવન'





હજી આંખમાં જાણે ફરકે છે કોઈ,
હજી મીઠું શરમાઈ મરકે છે કોઈ;
વિખૂટાં પડ્યાં તોય લાગે છે ' ઘાયલ ',
હજી પણ રગેરગમાં સરકે છે કોઈ.

તોફાની વિચાર

Bhavin desai



'અકલ્પીત'

તોફાની વિચાર

નવરાત્રીની નવલી રાતમાં સિલ્કી વાળ સાથે નજાકતથી
લટ ઝટકતી સુંદર ગાયિકા "પરી હું મૈં" ગીત શરૂ કરે, તબલાંનાં
તાલ થરકે, મંજીરા રણકે અને કબડ્ડીમાં જેમ સાત ખેલાડીઓએ
પકડી રાખેલો રેડર ચેઈન કવર તોડી મીડલ પાટો ક્રોસ
કરી નાંખે; એવા થનગનાટ સાથે પચાસ વર્ષને ઉંબરે ઉભેલી,
૭૦ થી ૮૦ કિલોની મહાકાયા ધરાવતી મહીલા ઉંમરનાં
બંધનો તોડી, પરી બની, ગદા જેવાં હાથ ડાબે-જમણે વીંઝોટતી
હોય; અને એવામાં કોઈ એની સામે જુએ તો ૧૬-૧૭
વર્ષની કમસીન કળીની જેમ લીપસ્ટિકભીનાં લાલ હોઠ,
કાજલકાળી આંખોનાં નખરાં સાથે ૯૦ ડિગ્રીએ મચકોડતી
હોય; આવી રોમાંચ અનુભવતી મહિલાને ફળિયાનું કોઈ
અચાનક બૂમ પાડે કે,

"માસી કેમ છો? તમે અહીંયા?"
કેવો કચરો થઇ જાય નહીં!!!

એવી જ ફજેતી અમારા ફળિયાનાં માસીની થયેલી એટલે જણાવ્યું,

બાકી
આ તો જસ્ટ આમ જ....

~ ભાવિન દેસાઈ 'અકલ્પિત:

અમૃત ભટ્ટ 'ઘાયલ'



મૂળ નામ - અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ
ઉપનામ - ઘાયલ
આયુષ્ય - ૮૭
પિતા - લાલજી ભટ્ટ
માતા - સંતોક ભટ્ટ
જન્મ સ્થળ - સરધાર, રાજકોટ, ગુજરાત
જન્મ તારીખ - ૩૦/૦૯/૧૯૧૫
મૃત્યુ તારીખ - ૨૫/૧૨/૨૦૦૨

ગુજારવા છે જુલમ પણ જુલમ નથી મળતા,
સિતમગરો છે ફિકરમાં સિતમ નથી મળતા.

નિયમ વિરુદ્ધ જગતનાં ય ગમ નથી મળતા,
કે આંસુ ઠંડાઃ નિસાસા ગરમ નથી મળતા.

મળે છે વર્ષો પછી એકદમ નથી મળતા,
મલમ તો શું કે સહેજે જખમ નથી મળતા.

વિચારું છું કે મહોબ્બત તજી દઉં કિન્તુ –
ફરી ફરી અહીં માનવ જીવન નથી મળતા.

ઠગે છે મિત્ર બની,કોઇ માર્ગદર્શક બની,
જીવન સફર માં ઠગારા ય કમ નથી મળતા.

હમેશા ક્યાંથી નવા લાવું, વિઘ્નસંતોષી!
કે કંટકો તો મળે છે, કદમ નથી મળતા.

સુખોની સાથે સરી જાય છે બધા સ્નેહી,
પડે છે ભીડ તો ખાવા કસમ નથી મળતા.

સિલકમાં હોય ભલે પૂરતી છતાં "ઘાયલ"
ચડતી રાજાના સહેજે હુકુમ નથી મળતા.

– અમૃત 'ઘાયલ'

મળેલા સન્માન અને એવોર્ડ :-

શૈખાદમ અબુવાલા એવોર્ડ ૧૯૯૨-૯૩ માટે
રણજિત રામ સુવર્ણ ચંદ્રક - ૧૯૯૩
ગુજરાત સાહિત્ય અકાદમી એવોર્ડ - ૧૯૯૪
કલાપી એવોર્ડ – ૧૯૯૭

એમના ગઝલ સાહિત્યનું ઉદાહરણ :-

જીવન જેવું જીવું છું, એવું કાગળ પર ઉતારું છું;
ઉતારું છું, પછી થોડું ઘણું એને મઠારું છું.
તફાવત એ જ છે, તારા અને મારા વિષે,
જાહિદ! વિચારીને તું જીવે છે, હું જીવીને વિચારું છું.

જીવન - અમૃત ઘાયલ સાહેબનો જન્મ રાજકોટ નજીક સરધાર ગામમાં ૩૦ સપ્ટેમ્બર ૧૯૧૫ના રોજ થયો હતો. એમણે સાતમા ધોરણ સુધીનું શિક્ષણ સરધારમાં જ મેળવ્યું. એમણે પજોદ રાજ્યના રાજકુમારને ત્યાં પર્સનલ સેક્રેટરી તરીકે ૧૯૩૮થી ૧૯૪૮ સુધી કામ કર્યું હતું. ત્યારે પજોદ એ સૌરાષ્ટ્ર સંગઠનનું એક નાનકડું રાજવાડું હતું. એમણે ૧૯૪૯માં મેટ્રિક્યુલેશન પાસ કર્યું અને ત્યારબાદ રાજકોટની ધર્મેન્દ્ર સિંહજી આર્ટસ કોલેજમાં એમણે આર્ટસ વિષય સાથે સ્નાતક કક્ષાનો અભ્યાસ શરુ કર્યો, પણ પ્રથમ વર્ષમાં જ એમણે અભ્યાસ છોડી દીધો. ત્યારબાદ એમણે જાહેર સેવા સંગઠન રાજકોટમાં એકાઉન્ટન્ટ તરીકે ૧૯૪૯માં જોડાયા અને છેક ૧૯૭૩માં રિટાયર્ડ થયા. રિટાયરમેન્ટ બાદ તેઓ રાજકોટમાં જ રહ્યા હતા. એમનું નિધન ૨૫ ડિસેમ્બર ૨૦૦૨ના રોજ રાજકોટમાં થયું હતું.

કાર્ય - એમના કવિ તરીકેના ઉપનામ 'ઘાયલ' નો અર્થ ચોટ સાહેનાર એવો થાય છે. પોતે ઉર્દુ અને પર્શિયનના સારા વિચારક હતા. એમનું નામ સુવર્ણ અક્ષરે લખાવાની શરૂઆત ૧૯૪૦માં થઈ જ્યારે એમણે પ્રથમ વખત ગુજરાતી કવિતા લખવાની શરૂઆત કરી હતી. ઘાયલ સાહેબની કવિતાઓ એમાં ઝલકતા જુસ્સા, જોમ અને મિજાજ માટે પ્રસિદ્ધ છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'શુરા અને સમણા' ૧૯૫૪માં પ્રકાશિત થયો. ત્યારબદના કાવ્યસંગ્રહોમાં રંગ - ૧૯૬૦, રૂપ - ૧૯૬૭, ઝાય - ૧૯૮૨, અગ્નિ - ૧૯૮૨ તેમજ ગઝલ નામે સુખ - ૧૯૮૪ ને ઘણી શકાય છે.

[માહિતી સોર્સ – વિકિપીડિયા]

-: ફાસ્ટટ્રેક ઇન્ટરવ્યૂ : –

વીનું બામણિયા



નામ - વિનુ બામણિયા
ઉપનામ - અતીત
પિતા - પરમાભાઈ બામાણિયા
માતા - લાડુ બહેન બામણિયા
જન્મ તારીખ - ૨૦-૦૧-૧૯૭૮
જન્મ સ્થળ - બાકોર, તા.ખાનપુર, જી.મહીસાગર
લેખન સિવાય - સામાજિક, શૈક્ષણિક અને અન્ય પ્રવૃતિઓ.
અભ્યાસ - BA, PTC, MA(સંસ્કૃત), MA(ગુજરાતી)
કાર્યક્ષેત્ર -પંચમહાલ મહીસાગર

વીનું બામણિયા ના જણાવ્યા મુજબ એમના પર રાવજી પટેલ, કલાપી અને પન્નાલાલ પટેલની કૃતિઓનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. જેમાં 'અંગત', 'કલાપીનો કેકરાવ' અને 'મળેલા જીવ' પસંદગીના ક્ષેત્રે સૌથી મુખ્ય છે. તેમજ વિદેશી સાહિત્યકારોમાં વિલિયમ શેક્સપિયર, ચેખોવ અને દોસ્તોયેવ્સ્કીને પણ ગણી શકાય છે.

એ પોતે ગુજરાતી અને હિન્દી ભાષાથી વધુ પ્રભાવીત છે. પણ અંગ્રેજી એમને પોતાની માતૃભાષાના સંદર્ભે ઓછું અનુકૂળ લાગે છે.

સામાન્ય રીતે લખવા માટે તેઓ કોઈ ખાસ સ્થાન પસંદ નથી કરતા પણ જે સ્થળે લખાય એને જ લેખન વિશ્વનું કાશી અને ગંગા માને છે, સ્વયંને લેખન ક્ષણે સ્થિતપ્રજ્ઞ માનું છું. સામાન્ય રીતે ગમતી ક્ષણોમાં લેખન કાર્ય કરવું મને ગમે છે. અને મારી પ્રથમ ક્ષણ જ્યારે મારી પ્રથમ કૃતિ મુક્તિ - દુકાળ રચનાઓ 'વહી'માં ૨૦૦૧ના સમયગાળામાં પ્રકાશિત થઇ હતી.

સામાન્ય રીતે પુરસ્કારો સારા લોકોને ક્યાં મળે જ છે. અપેક્ષિત પુરસ્કાર ન મળે ત્યારે થોડીક પળો ખેદ લાગે બાકી તો ધૂળ ખંખેરી ઊઠી જઈએ એવું જ હોય. જો કે સરસ્વતી જયંતીલાલ ભટ્ટ (જુનાગઢવાળા) પારિતોષિક મળેલ છે. અને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું સમ્માન મુખ્યમંત્રી શ્રી રૂપાણી દ્વારા મળેલ છે.

'સર્જન એ જ મોટી પ્રતિબદ્ધતા' એવું તેઓ માને છે. એમનું માનવું છે કે ભાવિ જગત એમને કવિ લેખક ગણે કે ન ગણે પણ દરેકના મુખે એટલો શબ્દ જરૂર હોય કે 'માણસ ગમવા જેવો હતો' એટલું બસ છે.

એમના વિશે સાક્ષર રાજેશ વણકરે, 'અતીત'ની કૃતિઓના સંગ્રહ 'રમું, વિરમું છું'ના ચોથા પૂંઠે સરસ પરિચય આપ્યો છે. એમના કહ્યા પ્રમાણે

વીનું બામણિયા યુવા પેઢીને સતત પ્રોત્સાહિત કરનારા કવિ, વાર્તાકાર છે. આ યુવાન લેખક જ્યારે 'વહી' સંપાદક પ્રો. કાનજી પટેલના સંપર્કમાં આવતા એમનો પુનર્જન્મ થઈ જાય છે. ત્યારબાદ એમની સર્જનાત્મકતા અનેકો વિષય સાથે ખીલી ઉઠે છે. એમણે અનેક છાપાઓમાં અને સામયિકોમાં લખ્યું છે. જેમાં હાયકુ, લઘુકાવ્ય, ગઝલ, ગીત, અછાંદસ, સુવિચારો, નિબંધો, બાળકાવ્યો વગેરે અનેક ક્ષેત્રોમાં એમનું યોગદાન નોંધપાત્ર રીતે પીરસાતું રહ્યું છે. ટૂંકમાં લેખન ક્ષેત્રે એમનો પ્રભાવ બહુવિષય વિહારી ગણી શકાય છે.

એક વાર જ્યારે એમણે પોતાની બે હિન્દી રચનાઓ ટપાલ ટીકીટ ચોંટાડયા વગર શ્રી કાનજી જેવા સધ્ધર સર્જકને 'વહી'ના સરનામે મોકલી આપી તો સંપાદકે પોતાના પૈસે છોડવી એ રચનાઓ 'વહી' જેવા પ્રતિષ્ઠિત સામયિકમાં ગુજરાતી ભાષામાં 'મુક્તિ' અને 'દુકાળ' સ્વરૂપે છાપીને કવિને પ્રોત્સાહિત પણ કર્યાં. તેમજ એમના અભ્યાસ કાળ દરમિયાન આર્થિક કટોકટીના સમયમાં કોલેજ ખર્ચને પહોંચી વળવા સાહિત્યક પ્રોત્સાહન સ્વરૂપે ડૉ. શિવદાન ચારણ, કવિ પરેશ દવે, એનઆરઆઈ મણિકાકા જેવા સજ્જનોએ પણ સહાય આપેલી છે.

પ્રશ્ન - આપના વિશે જરાક સામાન્ય માહિતી આપશો.
જવાબ - **ખાસ કંઈ નહી મારું સર્જન કોઈને પ્રેરણા પુરી પાડે તો જીવન સાર્થક**

પ્રશ્ન - આપની સફળતા વિશેની વાત..
જવાબ - **સહજ મળે છે બધું.**

પ્રશ્ન - શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળ્યા અંગે આપના અનુભવો

જવાબ - જવાબદારી વધી જાય...એટલે દરેક બાબતે કાળજી રાખવી પડે.

પ્રશ્ન - કાવ્યગોષ્ઠી વિશે આપના વિચારો અને મંતવ્યો..

જવાબ - ખાસ વેબસાઈટ પર હું લખતો નથી કે જોતો નથી. ..ફાવતું પણ નથી... હા આપ જેવા મિત્રો ની પ્રવૃતિ જાણી આનંદ થયો .સાહિત્ય ક્ષેત્રે ઘણા આગળ આવવા મથતા મિત્રો ને તક મળે જુસ્સો વધે.તો આનંદ થાય.

પ્રશ્ન - કાવ્યગોષ્ઠી સામયિકના વાંચકો જોગ..

જવાબ - નવોદિતો એ ઓનલાઈન ચાલતા આ સામયિક ને વાંચવું ખૂબ જરૂરી છે..પુસ્તકો વાંચો તો કદાચ તેની પાછળ રૂપિયા ખર્ચવા પડે..અહીં વિનામૂલ્યે સાહિત્ય વાંચવા મળતું હોય તો એવી તક ગુમાવવી એ ભાવક પક્ષે નબળાઈ ગણાય..ખૂબ વાંચો ખૂબ વિચારો ને માપસરનું લખો.

ધન્યવાદ.

-: એવોર્ડ અને સન્માન :-

સરસ્વતી જયંતિલાલ ભટ્ટ પારિતોષિક - ૧૯૯૬
જીલ્લા યુવા મહોત્સવ કવિતા અને પાદપૂર્તિમાં પ્રથમ - ૧૯૯૯ (વડોદરા)
જીલ્લા યુવક મહોત્સવ શીઘ્ર વકૃત્વ સ્પર્ધામાં તૃતીય - ૧૯૯૯ (વડોદરા)
વિશિષ્ટ શિક્ષક તરીકે મુખ્યમંત્રીના હસ્તે સન્માન
રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સન્માન – ૨૦૧૬

[નોધ - કવિ વીનું બામણીયા અને સુલતાન સિંહ વચ્ચે થયેલ અપ્રત્યક્ષ સંવાદના આધારે...]

તને ચાલતા આવડે છે?
તો ચાલ

તને દોડતા આવડે છે?
તો દોડ

તને કુદતા આવડે તો?
તો કુદ

તને ભળતા આવડે છે?
તો ભળ

તને જીલતા આવડે તો?
તો જીલ

તને કશુક આવડે છે?
તો કઈ વાંધો નહિ

બધુય આવડી જશે
ચાલ રાજનીતિ રાજનીતિ
રમીએ.

~ વીનું બામણીયા





કાવ્યગોષ્ઠી ઈ-સામાયિક

Welcomes You

એક નવી શરૂઆત સ્વરૂપે અમે નવી વિચારધારાઓ સાથે આગળ વધવા માંગીએ છીએ. જેના માટે વધુ લોકોની મદદ જોઇશે.

જો આપ પણ કાવ્યગોષ્ઠી સાથે જોડવા માંગતા હોવ તો નીચેના સંપર્કો દ્વારા જણાવી શકો છો.

-: સંપર્ક :-

સુલતાન સિંહ 'જીવન'

મોબાઈલ - +૯૧ ૯૯૦૪ ૧૮૫ ૦૦૭

[તમે વોટ્સએપ પણ કરી શકો છો.]

મેઈલ – raosultansingh@gmail.com

વેબપેજ - http://kavygoshthiblog.wordpress.com